

# અનુપમની હે અમૃતધારા...!

***~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા***

**૧૨ જૂન ૨૦૨૦, બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ જયંતી સભા,**
**પારમિતા સભાખંડ, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**અમારી** પેઢીના સાધકો ભાગ્યશાળી કે, અમને કાકાજી-પપ્પાજીને સદેહે એમના ગુરુહરિ યોગીજી મહારાજ પ્રત્યે ભકિત અદા કરતા જોવા ને જાણવાની અદ્‌ભુત તક મળી ! કાકાજી એક આધ્યાત્મિક પુરુષ ! પણ, આપણે એમને બીજી દૃષ્ટિએ જોઈએ તો ‘હી વોઝ એ બૅસ્ટ લીડર.’ આપણે એમને આપણા ‘ગુણાતીત સમાજના સ્થાપક’ કહીએ છીએ, આપણા ‘ગુરુહરિ’ કહીએ છીએ. દાદુકાકાએ મંત્ર આપ્યો : ‘એકતા એ જ એકાંતિકપણું !’ અને એમની પાસેથી વારંવાર સાંભળેલું : ‘ભિન્ન અંગવાળાની સાથે મૈત્રી કરો.’ જ્યારે આપણા જુદા જુદા ઘટકો - સોખડા, સાંકરદા, ગુણાતીત જ્યોત, અનુપમ મિશન, દિલ્હી, સમઢિયાળાની સ્થાપના થઈ ત્યારે દાદુકાકા ‘ભાવાત્મક એકતા’ - આ એક શબ્દપ્રયોગ પણ કરતા. ત્યારે સાંભળવું ગમતું, પણ એ કેટલું સમજાયું, કેટલું જીવનના અનુભવમાં આવ્યું એ તો ખબર નહોતી, પણ મોટા પુરુષોનો સંકલ્પ અને ગુરુહરિ સાહેબદાદાનું જીવન; એણે એ વાતોને આપણા જીવન-આચરણમાં લાવીને બતાવી.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો પ્રાગટ્યદિન ને ગુણાતીત જ્યોતની સ્થાપનાના આખા પ્રસંગની સમગ્ર જવાબદારી જાણે કે, દાદુકાકાએ પોતાના શિરે લીધી હોય અને ‘વન મૅન આર્મી’ની રીતે તેઓ વર્તતા હોય, એવું એમના જીવન-આચરણનું દર્શન કરવાનું સદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું છે ! નેતાગીરીનો એક મોટો ગુણ એ કે, પોતાના સાથીદારોની ખામીઓ જોવાને બદલે, એ જેવા છે એવા, પણ એમનામાં રહેલી ખૂબીઓનો ઉપયોગ કરીને, એને કામે લગાડવી અને ભગવાનની સેવા અર્થે વાપરતી કરવી; એ એક સફળ નેતાગીરીનું દૃષ્ટાંત છે ! કાકાજી એક આધ્યાત્મિક પુરુષ તો ખરા જ ! યોગીબાપાએ એમને સાક્ષાત્ દર્શન કરાવ્યાં તે પણ ખરું ! પણ એક નેતા તરીકે અને બધી જ બાબતોમાં બાપાનો જેમાં રાજીપો હોય તેમાં સમગ્રપણે પોતાના તંત્રને હોમીને તેઓ કામ કરે. એટલે કે, જાણે એ મારું પોતાનું જ કામ હોય, એવી રીતે તેઓ કરતા. પોતે આગળ થાય અને પોતાના સાથીદારોને સાથે લે. સાબરકાંઠા પ્રદેશ સાથે દાદુકાકાને કોઈ પ્રાથમિક પરિચય નહીં. ઈલેક્શન જોડે એમને કાંઈ લેવા-દેવા નહીં. પણ માત્ર ને માત્ર યોગીજી મહારાજની આજ્ઞા અને નંદાજીનો શાસ્ત્રીજી મહારાજ સાથેનો સંબંધ જોઈને, જાણે પોતે ઈલેક્શનમાં ઊભા હોય ને ઈલેક્શન લડતા હોય એવી રીતે એમણે પ્રચારનો મોરચો સંભાળી લીધો. સમગ્રતાથી પોતાનું જે કંઈ પણ હતું, એને એમણે કામે લગાવી દીધું.

૫૧ શિક્ષિત યુવાનોને દીક્ષા આપવાનો યોગીબાપાનો સંકલ્પ હતો ! એ પ્રસંગે પણ દાદુકાકાએ આગળ પડીને પોતાના પરિવારના, પોતાનાં સ્નેહીજનોના પુત્રોને પહેલા એમાં હોમ્યા. ‘બાપાને અર્થે જીવી લેવા જેવું છે’, એવા માહાત્મ્યનું એમણે સિંચન કર્યું. અને જેમને-જેમને કૌટુંબિક વિરોધ હતો, એ વિરોધનું શમન કરવામાં પણ દાદુકાકા ઢાલ બનીને આગળ ઊભા રહ્યા ને યોગીજી મહારાજ સુધી કોઈ ફરિયાદ પણ એમણે પહોંચવા દીધી નહીં. પોતે માથે લીધું, ગાળો સાંભળી, અપજશ લીધો પણ ‘યોગીબાપા રાજી થાય છે’ તો આ દીકરાને સાધુ કરવો - એ બાપાનો સંકલ્પ કેમ કરીને પૂરો થાય ? - એનું જ એમને મહત્ત્વ હતું ! આપણે ગુરુહરિ સાહેબદાદાના વર્તમાન જીવનને જોઈએ અને જે રીતે તેઓ આપણને સૌને માર્ગદર્શન આપીને જિવાડી રહ્યા છે, ત્યારે આ ક્વૉલિટીનું આપણને ગુરુહરિ સાહેબદાદામાં પણ દર્શન થાય છે.

મારા વ્યક્તિગત જીવનનો અનુભવ કહું તે પહેલાં એક પ્રસંગ કહું. પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી એકના એક દીકરા હતા. એમનાં માતુશ્રી કાશીબા

એમને સાધુ થવા રજા આપે, એમાં પણ મહત્ત્વની-મુખ્ય ભૂમિકા દાદુકાકાએ ભજવેલી અને હરિપ્રસાદ સ્વામીજીને સાધુની દીક્ષા માટે રજા-મંજૂરી અપાવેલી; આ અમે વલ્લભવિદ્યાનગરના યુવકમંડળના સભ્ય તરીકે જોયું છે, અનુભવ્યું છે. હરિપ્રસાદ સ્વામીજીને સાધુ બનાવ્યા પછી મને યોગીબાપા પાસે ટપાલની સેવામાં જવાનો લાભ મળ્યો, જે મારાં માતુશ્રીને પસંદ નહોતું એટલે મને પાછો લઈ આવવા માટે મારા મોટા ભાઈને મોકલેલા. ત્યારે હું દાદર મંદિરે બાપાની સેવામાં હતો. રાતની ટ્રેનમાં નીકળીને સવારના પહોરમાં ભાઈ આવી ગયા ને સીધા યોગીજી મહારાજને મળ્યા. બાપા સાથે પ્રથમ મુલાકાત, કોઈ બીજો પ્રાથમિક પરિચય પણ નહીં અને બાપાને વાત કરી કે, 'મારો ભાઈ ઘરેથી ભાગીને સાધુ થવા માટે અહીં આવી ગયો છે.' એટલે બાપાએ પૂછ્યું, 'કોણ ? શું ? ક્યાંથી આવ્યા ? શું છે ?' પછી મને બોલાવીને બાપાએ કહ્યું કે, 'તમારા ભાઈ આવ્યા છે.' મેં કહ્યું, 'બાપા મારે ઘરે નથી જવું.' ત્યારે બાપાના શબ્દ છે : 'ભાઈને રાજી કરી લો, ભગવાન રાજી થઈ જશે.' મુંબઈથી પાછા ગુજરાત આવવાની ટ્રેન રાત્રે ઊપડે. એટલે આખો દિવસ ભાઈ દાદર મંદિરે રહ્યા, તેમને જમાડ્યા અને જતી વખતે યોગીબાપાએ એમ કહ્યું કે, 'તારદેવ થઈને જજો.' એટલે અમે તારદેવ જઈને ઊભા રહ્યા. રાતની ટ્રેન બૉમ્બે સૅન્ટ્રલથી પકડવાની હતી. ભોજનનો સમય હતો, સોનાબા હાજર હતાં, એમણે અમને જમવા બેસાડી દીધા. છાત્રાલયના નિમિત્તે અને હરિપ્રસાદ સ્વામીજીને દીક્ષા આપી ત્યારનો કાકાજીનો પરિચય હતો એટલે મેં કાકાજીને બધી વાત કરી કે, 'મારા ભાઈ યોગીબાપાને મળ્યા અને બાપાએ તો મને કહ્યું, 'જાવ, ભાઈની સાથે અને ભાઈને રાજી કરી લો.'' કાકાજી કહે, 'રાજા, ગભરાઓ છો શું ? હું આવું છું આવતા અઠવાડિયે સોખડા, આપણે સાથે પાછા આવીશું.'

તમે જુઓ, આ ૫૧ સંતોને બાપાએ જે દીક્ષા આપી તેની હું વાત કરું છું, તેમાં ઘણા બધા સાધુઓના પરિવારનાં આવાં પ્રકરણ હતાં. એક એક મુક્ત ભગવાનનો થઈને જીવે, એની જાણે સો ટકા જવાબદારી મારે માથે છે, એવી રીતે દાદુકાકા દરેકના-પછી એના કૌટુંબિક કોઈ પણ પ્રકારના પ્રશ્ન હોય તો પોતે માથે લઈ લેતા અને પોતે આગળ થઈ, રક્ષાનું છત્ર, રક્ષાની ઢાલ-કવચ ભક્તોને ધરી દેતા; એ અમે અનુભવ્યું છે !

તે વખતે તૈયારી થતી હતી ગુણાતીત જ્યોતની. બહેનો રહેવા આવશે તો એમનાં માટે ગાદલાં જોઈએ, તે ગાદલાંનાં રૂને પિંજાવીને ગાદલાં ભરાવવાનું કામ ચંદુભાઈ દાજીને સોંપવા દાદુકાકા સોખડા આવ્યા હતા. મેં ઘરે વાત કરી કે, 'અમારા ગુરુજી-કાકાશ્રી આવ્યા છે અને મારી ઇચ્છા છે કે આપણે એમની ઘરે પધરામણી કરાવીએ અને જો ગોઠવાય તો એમને પ્રસાદ લેવાનું પણ ગોઠવીએ.' મારા હેતને કારણે મારાં માતુશ્રીએ હા પાડી, 'ભલે લઈ આવજે તારા કાકાને.' એમણે સરસ મજાની પૂરણપોળી બનાવેલી. કાકાજી જમવા બેઠા. મોટા ભાઈ, નાના ભાઈ કોઈ ઘરે હતા નહીં. હું, કાકાશ્રી અને મારાં માતુશ્રી હતાં. મારી બા મારા વિશેની એમને જે કંઈ ફરિયાદ હતી તે કાકાજીને કરતાં જાય અને કાકાજી એક પછી એક પૂરણપોળી જમતા જાય. ગરમ ગરમ પૂરણપોળી ઘી ચોપડીને પિરસાતી જાય અને કાકાજીએ એક ખાધી, બે ખાધી, ત્રણ ખાધી, ચાર ખાધી ત્યાં સુધી મારા વિશેનો જે કંઈ બળાપો જેટલો ઉગ્રતાથી કાઢવો હતો એટલો બાએ કાઢ્યો. કાકાજી આ દરમિયાન ઠંડા કલેજે એક પછી એક રોટલી જમે. તમે વિચાર કરો, કોઈ માણસ તમારી સામે આટલું બધું બોલે અને તમે ઠંડા કલેજે ભરપેટ જમી શકો, એ આધ્યાત્મિક અવસ્થા કેવી હશે ! કેટલી સમતા, કેટલી સ્થિરતા, કેટલો ભગવાનના કર્તાપણાનો ભાવ ! યોગીજી મહારાજ માટે આ છોકરાને સમર્પિત કરવો છે તો એના માટે જે સાંભળવું પડે, એ વસૂલ છે ! આવા જે કાંઈ ભાવ કાકાજીના હૃદયમાં હશે, પણ કાકાજી જમીને તૃપ્ત થયા અને મારાં બા પણ શાંત થયાં. કારણ કે, એકતરફી તમે કેટલું બોલબોલ કરો ? સામેવાળો કશું બોલે નહીં અને ખાધે જ રાખે, તો એ સંવાદમાં મજા પણ શું આવે ? જમી રહ્યા પછી કાકાજી મને કહે, 'હું વિદ્યાનગર જાઉં છું. તમે આવતી કાલે વિદ્યાનગર આવો, આપણે આણંદથી રાત્રે સાથે મુંબઈ પાછા જઈશું.' જેને ઘરેથી હજી રજા આપી નથી, જેને રજા લેવા માટે ખુદ યોગીબાપાએ પાછો મોકલ્યો છે, પણ એમને કેટલી બધી ગેરંટી ! કે તેઓ મને આવી સૂચના આપે છે.

કાકાજીના ગયા પછી મેં મારી બાની સાથે સંવાદ કર્યો, મેં કહ્યું, "તમે 'હા' પાડો કે 'ના' પાડો, હું સાધુ થવાનો. જો હા પાડશો તો મારા પુણ્યનાં તમે ભાગીદાર, ના પાડશો તો હું તમને કંઈ કામ લાગવાનો નથી." એક અઠવાડિયું હું સોખડા રહેલો એ દરમિયાન એમણે મારું વર્તન જોઈ લીધેલું એટલે એમને થયું કે, આ રહે કે ન રહે, આપણા માટે નકામો છે. સંસારના કોઈ કામમાં લાગવાનો નથી. તો મારી બાએ કાકાજીના કારણે થઈને મને રાજીખુશીથી રજા આપી. હું તો રાહ જ જોતો હતો, થેલો ઉપાડીને વલ્લભવિદ્યાનગર આવ્યો. વલ્લભવિદ્યાનગરમાં આ બધા ભાઈઓ છાત્રાલયમાં હતા. મને આવેલો જોઈને કાકાજી બોલ્યા, "આવી ગયા રાજા!" 'રાજા' એમનો સ્પેશિયલ શબ્દ હતો ! 'કેવી રીતે આવ્યા ? હું ઘરેથી નીકળ્યો પછી શું થયું ?' એવી કાંઈ કશી પડાપૂછ નહીં. અને તે જ દિવસે રાત્રે કાકાજી જોડે ટ્રેનમાં બેસી સીધા મુંબઈ પહોંચ્યા ! હું દાદર અને કાકાજી સૅન્ટ્રલ સ્ટૅશને ઊતર્યા. જઈને હું યોગીબાપાની સેવામાં જોડાયો. આશ્ચર્યની બાબત એ કે, યોગીબાપાએ પણ એક પણ સવાલ પૂછ્યો નહીં કે, 'ગુરુ, તમે ઘરે ગયા હતા, તો શું થયું ? રાજી કરીને આવ્યા ?' એવું કાંઈ નહીં. હું રુટિનમાં જે ટપાલની સેવામાં હતો, એ જ સેવામાં લાગી ગયો. જો કે, એમને તો અંતર્યામીપણે બધો ખ્યાલ હતો ! આવી રીતે એક જણને ભગવાનને માર્ગે ચલાવવામાં કાકાજીએ પોતે જે પરિશ્રમ કર્યો છે, એનો આ મારો વ્યક્તિગત અનુભવ મેં કહ્યો. કાકાજી આખી જવાબદારી પોતાને માથે

લઈ લે અને ખૂબ ખાતરીથી કામ કરે. એટલે તેઓ કહેતા, 'રાજા ! ધાર્યું કોનું થાય છે ?' અને એમ બોલતા કે, 'मैं किसकी घरवाली हूं ?' મારો ધણી કોણ છે ? મારો ગુરુ કોણ છે ? એ કેફ એમના જીવનમાં હતો ! એમણે દરેક વખતે, દરેક કાર્યમાં એક આદર્શ નેતાગીરી પૂરી પાડી !

૧૯૬૬માં યોગીબાપાના પ્રાગટ્યદિનનો સમૈયો જે અહીં વલ્લભવિદ્યાનગરમાં ઉજવાયો, એ પણ દાદુકાકાએ જશુભાઈ સાહેબને સાથે રાખીને સુંદર રીતે ઊજવ્યો. એ આપણા માટે, આપણા અનુપમ મિશન માટે શુભ શરૂઆતના મંગલ દિવસો હતા ! બાપાએ કાકાજી સાથેનો સંબંધ કરી આપ્યો અને બાપા ને કાકા આપણી અધ્યાત્મયાત્રામાં સદાય આગળ રહ્યા, આપણી સાથે રહ્યા અને જ્યાં આપણે પડ્યા-આખડ્યા ત્યાં એમણે આપણને ઊભા કરીને, ફરી પાછા એ માર્ગે પ્રેમપૂર્વક ચલાવ્યા; આ આપણો તપોભૂમિ 'બ્રહ્મજ્યોતિ'નો ઈતિહાસ છે !

૧૯૬૬થી આપણા આખા સત્સંગનો ઈતિહાસ જોશો, તો ગુરુહરિ સાહેબદાદાએ કાકાજીનો જે સિદ્ધાંત, કાકાજીની જે રુચિ, કાકાજીની જે કાર્યશૈલી એને નજર સમક્ષ રાખીને, કાકાજીને યોગીજી મહારાજનું સ્વરૂપ માનીને સેવ્યા, પપ્પાજીને યોગીજી મહારાજનું સ્વરૂપ માનીને સેવ્યા. એવા યોગીબાપાના સંબંધવાળા, તારદેવના સંબંધવાળા ગૃહસ્થ હરિભક્તો કે, જેમનાં સંતાનો આપણે ત્યાં સાધક તરીકે આવ્યાં, એ માવતરને પણ અંતિમ શ્વાસ સુધી સાહેબદાદાએ જતન કરીને જાળવ્યાં છે ; જે આપણા સૌનો પ્રત્યક્ષ અનુભવ છે. આ વાત છે આપણને મળેલા વારસાની ! એમને અનુકૂળ થયા કે ન થયા, એમને માનતા હતા કે નહોતા માનતા, પણ સાહેબદાદાએ માત્ર ને માત્ર ભગવાનનો સંબંધ જોઈને એ જીવનમુક્તોનું જતન કર્યું, એમને ભગવાન સાથે જોડી રાખ્યા. અને 'એમની સેવા કરવી એ જ આપણી ભક્તિ છે' એવી રીતે એમના અંતિમ શ્વાસ સુધી આપણને સૌને પણ સેવામાં જોડ્યા; જે પણ આપણો અનુભવ છે.

'સ્વ' રહિત થવું હોય, સ્વભાવ રહિત થવું હોય તો 'ભિન્ન અંગવાળા સાથે મૈત્રી' કરવાની વાત કાકાજી કહેતા. આપણે પ્રેમ, આત્મીયતા ને સુહૃદભાવ આપણને જેમની સાથે ફાવે છે, મેળ છે એમની સાથે તો રાખ્યો છે. આપણને ગમતા-અણગમતા, આપણાથી કામ કરવાની રીત ભલે જુદી હોય, આપણાથી એમની જીવનપદ્ધતિ જુદી હોય, પણ એ આપણો સાથીદાર છે અને આપણે એની સાથે સુહૃદ બનવાનું છે. ભિન્ન અંગવાળા સાથેની મૈત્રીનો જે છેલ્લો મુકામ – જેને આપણે પાંચમી ઘાંટી કહીએ છીએ તે કૂદી જવાની છે. ભેળા રહીને મહિમા સમજવાનો કે ભિન્ન અંગવાળા સાથે મૈત્રી કરવાની, એની ખામીઓ નહીં, પણ એની ખૂબી જોઈને એને આપણી સાથે જોડી લઈને ભગવાનના કામમાં જોતરી રાખવાનો અદ્‌ભુત ગુણ સાહેબદાદામાં દેખાય છે.

અમે બધા 'એકતા એ જ એકાંતિકપણું' સૂત્ર સમજીને સાથે નથી રહ્યા; મોટપ સાહેબદાદાની છે કે, એમણે અમને સૌનેય આ સૂત્ર સાથે જોડી રાખ્યા. સૌની ખામીઓ તેઓ જાણે છે, એમણે જોઈ છે, અનુભવી છે. પણ સૌની પાસેથી જે પ્રકારનું કામ લઈ શકાય, એ પ્રકારનું કામ લઈને ભગવાનનું કામ વધારે સારી રીતે આગળ વધે, એ જ માત્ર એક નિશાન એમણે રાખ્યું છે. જે વૃત્તિ અને પ્રવૃત્તિ કાકાશ્રીની હતી, એવી જ વૃત્તિ અને પ્રવૃત્તિની સાથે ગુરુહરિ સાહેબદાદાએ આપણને જોડ્યા છે.

દાદુકાકાએ એમના નામનું કાંઈ કર્યું નહિ, પણ બધું જ મારું છે, પોતાનું છે, યોગીનું છે એવા ભાવથી જે જેના હેતવાળા હતા, ત્યાં તેનો મહિમા ગાઈને, એની પુષ્ટિ કરીને, એનું સંવર્ધન કર્યું ; એ આપણા સૌનો અનુભવ છે. 'ભાવાત્મક એકતા'ની વાત પણ દાદુકાકા કરતા કે, ભલે ઘટકો તરીકે આપણે જુદા-જુદા છીએ, સંસ્થા-સંચાલનની પદ્ધતિએ અને સૌની આશ્રમવ્યવસ્થા ભલે અલગ-અલગ હોય, પણ આપણે સૌ યોગીના, આપણે સૌ ગુણાતીત સમાજના છીએ અને એ ગુણાતીત અસ્મિતા આપણે સૌએ ધારણ કરીને એનું વહન કરતા રહેવું છે – આ વાત પણ દાદુકાકા વારેવારે ટકોર કરીને કહેતા.

કાકાજીની હંમેશાં સિદ્ધાંત તરફ દૃષ્ટિ હતી. સિદ્ધાંત હંમેશાં સત્ય છે ને સનાતન છે. સંજોગો બદલાય, પરિસ્થિતિ બદલાય, માણસો બદલાય, એને લીધે સિદ્ધાંત ન બદલાય. એ સંજોગો, એ પરિસ્થિતિ, એ માણસોને સિદ્ધાંત સ્થાપનના કાર્ય માટે સાનુકૂળ-અનુકૂળ કરીને એમની શક્તિઓનો સદુપયોગ થાય, એ ખરી કુશળતા છે. એવી નેતાગીરીની સફળતા એ સાહેબદાદાનું જીવન છે.

આપણે એમ કહીએ કે, 'પોલું હોય તો સૌ કોઈ વગાડે, પણ સાંબેલું વગાડે ત્યારે સમજું કે, શૂરો છે.' એમ આ સાંબેલું વગાડવાની અદ્‌ભુત ક્રિયા છે. પ્રભુની શક્તિ વગર એ શક્ય બનતું નથી. જ્યારે કોઈ સાંબેલું વગાડે, ત્યારે આપણે એટલું તો માનીએ કે એનામાં પ્રભુની શક્તિ કામ કરી રહી છે માટે તે સાંબેલું વગાડવાને સમર્થ થયા છે. સાંબેલું હંમેશાં બુઠ્ઠું હોય, અણીદાર-ધારદાર ના હોય. એવા આપણે અક્કલના બુઠ્ઠા-સાંબેલા જેવા એને એમણે ભગવાનની સેવામાં જોતર્યા, એ એમની કુશળતા છે. એ એમના દ્વારા પ્રભુની શક્તિ કામ કરી રહી છે, એનું દર્શન છે. એવું દર્શન દાદુકાકાએ કરાવ્યું. એની સ્મૃતિઓ આવા પ્રસંગે તાજી થાય છે. વર્તમાન કાળે, ગુરુહરિ સાહેબદાદા પણ એ જ બ્રાહ્મી શક્તિને ધારણ કરીને, એવી જ શક્તિઓ વાપરીને આપણને સૌનેય ભગવાનની સેવામાં જોતરી રહ્યા છે. એટલે આવા પુરુષો સદાય અમર છે, જીવંત છે, સદાય આપણી સાથે છે ; એમની હૂંફ, પ્રેમ અને પ્રેરણા, એમની કૃપા સદાય આપણા ઉપર વરસે છે.

આપણે તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરનારા વિશેષ ભાગ્યશાળી છીએ કે, બાપાએ અને કાકાએ આ ભૂમિને તીર્થત્વ આપ્યું અને

સાહેબદાદાએ પોતાના તપોબળથી એ તીર્થત્વનું સંવર્ધન કર્યું છે. એવી તીર્થભૂમિના નિવાસી આપણે સૌ સાચા અર્થમાં તીર્થવાસી થઈને રહીએ. તીર્થવાસી થવું ઘણું અઘરું છે. આચાર્ય મહારાજ રઘુવીરપ્રસાદજીને ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ આવીને સમાગમ કરવાનો જ્યારે આદેશ કર્યો ત્યારે એમ કહ્યું કે, 'તીર્થવાસી થઈને આવો, તો તમારી સર્વ પ્રકારની ગ્રંથિઓને ઓગાળી દઈશ.' એ ગુણાતીત સત્તા હતી, ગુણાતીત જ્ઞાન હતું ! ત્યારે રઘુવીરજી મહારાજ પોતાના આચાર્યપણાનું માન, સન્માન, હોદ્દો બધું મૂકી દઈને માત્ર સેવક બની, તીર્થવાસી થઈને જૂનાગઢ જઈને રહ્યા અને ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજની સર્વોપરી નિષ્ઠા એમના હૃદયને વિષે સ્થાપી દીધી. આવી તીર્થભૂમિના આપણે નિવાસી, આપણે 'તીર્થવાસી' બનવાનો પ્રયત્ન કરીએ. અને જ્યારે આપણે તીર્થવાસી બનીએ, ત્યારે આ તીર્થને તીર્થત્વ આપનારા પ્રગટ સત્પુરુષ સાથેનું આપણું જોડાણ યથાર્થ બને છે અને 'જ્યારે અંતરાય ટળે અને સર્વજ્ઞ જાણે તો ગુરુના ગુણ પ્રાપ્ત થાય છે.' એ ગુણાતીતાનંદ સ્વામીની 'વાત' સાકાર થાય છે.

એવા ગુરુહરિ સાહેબદાદા આપણા જેવા થઈ, આપણી સાથે, આપણી વચ્ચે રહે છે, રમે છે, જમે છે, આનંદ કરાવે છે. એમને આ બધાંમાં શો રસ હોય ? પણ એમને આપણામાં રસ છે. એ આપણને સંબંધ આપવા માંગે છે, આપણને ભગવાન સાથે જોડવા માંગે છે. એમનો એ દાખડો સફળ થાય, એવી ગુરુભક્તિ આપણે અદા કરી શકીએ, એ આ પ્રસંગોની સાચી ઉજવણી ને સ્મૃતિ છે !

કાકાજી, પપ્પાજી, સોનાબા, શાંતાબહેન એમના સમયમાં આવું જીવી ગયાં, જેને આપણે આપણાં 'આદર્શ પ્રભુસ્વરૂપો' તરીકે માનીએ છીએ, પૂજીએ છીએ, એમની મૂર્તિઓ પધરાવી છે અને પ્રસંગે-પ્રસંગે એમની સ્મૃતિ કરીએ છીએ. પણ એ જ જીવંત મૂર્તિ પ.પૂ. સાહેબજી, જે આપણી વચ્ચે વિચરે છે, એમના વિશે સમ્યક્ દિવ્યભાવ અને એમના સંબંધવાળા ભક્તો વિષે સમ્યક્ નિર્દોષબુદ્ધિ થાય, એ જ એકમાત્ર આપણી સાધના છે. એના તરફ સતત જાગ્રત રહીને આપણને જીવવાનું તેઓ બળ પ્રેરી રહ્યા છે.

દાદુકાકાની મોટપ એ કે, એમણે આપણને યોગીજી મહારાજને ઓળખાવ્યા. આપણા ગુણાતીત સમાજના ગુરુસ્થાને દાદુકાકા છે, જેમણે આપણને પ્રગટ પ્રભુ ઓળખાવ્યા, પ્રગટનો સિદ્ધાંત સમજાવ્યો, પ્રગટની રુચિ અને અભિપ્રાયમાં જીવવાનો એકડો ઘુંટાવ્યો. અને વિશેષ કરીને વ્રતધારી સાધકો માટે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિવાસ કરતા સર્વ મુક્તો માટે દાદુકાકાનો બીજો બહુ મોટો ઉપકાર એ કે, એમણે આપણને પ.પૂ. સાહેબદાદાનો મહિમા સમજાવ્યો.

વિદ્યાર્થી અવસ્થામાં સાહેબ સાથે અભ્યાસ કર્યો, છાત્રાલય બાંધકામમાં સાથે કામ કર્યાં. યોગીબાપાની આજ્ઞા પ્રમાણે સમૈયા કર્યા, સેવાઓ કરી. એ દરમિયાન ''જશુભાઈ' કંઈક જુદું તત્ત્વ છે'' - એ વાતની ઓળખાણ કાકાશ્રીએ અમારા સમયમાં અમને કરાવી અને ૧૯૮૬ની સાલ સુધી આપણને સૌને કરાવી. માત્ર સાહેબની નહીં, જ્યાં હરિપ્રસાદ સ્વામીનું મંડળ હોય, જ્યાં મુકુંદ સ્વામીનું મંડળ હોય કે જ્યાં જ્યાં જે જે સદ્ગુરુનું મંડળ હોય, ત્યાં જઈને એ સદ્ગુરુની ઓળખાણ, એમના માહાત્મ્યનો વધારો દાદુકાકાએ કરી આપ્યો અને એમનામાં જોડાઈને એમના થઈને જીવવાની વાતનો એકડો માંડી આપ્યો; આ દાદુકાકાનું આપણા ઉપર બહુ મોટું ઋણ છે-ઉપકાર છે ! એ રીતે આપણે એમને સતત સંભારીએ કે, તમે અમને બાપા સાથેનો મેળ કરાવી આપ્યો, તમે અમને સાહેબ સાથેનો મેળ કરાવી આપ્યો અને એને કારણે સમગ્ર ગુણાતીત સમાજના સૌ સંતો, મુક્તો, ભક્તોની સાથે પણ સુમેળ કરાવી આપીને 'ભાવાત્મક એકતા'નું સૂત્ર આપ્યું. આવા પ્રેમ અને આત્મીયતાની ગંગોત્રી 'તારદેવથી' પ્રયોગ સ્વરૂપે દાદુકાકાએ શરૂ કરીને આખા ગુણાતીત સમાજમાં વહેવડાવી.

ગુણાતીત સમાજનો ચાર પાંખાળો સત્સંગ ! જીવન જે આશ્રમમાં જીવતા હોઈએ - ત્યાગી સંતો, વ્રતધારી યુવકો, સંન્યાસી બહેનો કે ગૃહસ્થ મુક્તો સૌ પોતપોતાના આશ્રમને પોતાના સ્વધર્મમાં રહીને દીપાવી શકે એવો સુંદર સુમેળ આ ગુણાતીત સમાજની સ્થાપનામાં થયો છે. આપણે આ ગુણાતીત સમાજના પ્રતીક માટે અલગ ધ્વજ પણ બનાવ્યો અને જ્યારે કોઈ પણ પ્રસંગ હોય, ત્યારે એ ધ્વજ આપણે ફરકાવીએ છીએ. કાકાજી, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામીજી અને સાહેબદાદાની મંગલ હાજરીમાં આપણે આમ્રવૃક્ષ હેઠળ બ્રહ્મજ્યોતિનો પાયો નાખીને ગુણાતીત સમાજનો આ ધ્વજ લહેરાવેલો; એ અદ્ભુત સ્મૃતિઓ આપણા સૌની સાથે - આ તપોભૂમિ સાથે જોડાયેલી છે. એની ગરિમા, એનું ગૌરવ, એની પવિત્રતા સચવાઈ રહે અને એનું સંવર્ધન થાય એની સામૂહિક જવાબદારી આપણા સૌની છે, એને સાથે મળીને નિભાવીએ. પ્રભુના કાર્યમાં સૌ મન પરોવીને જોડાઈએ અને ગુરુની પ્રસન્નતાનું પાત્ર બનીએ, એવી પ્રાર્થના કરવાનો પણ આજે મંગલ અવસર છે.

ગુરુહરિ સાહેબદાદા આપણા સૌની ઉપર આવી મંગલ કૃપા વરસાવે. જે ગૃહસ્થો પાયામાંથી આપણી સાથે જોડાયા, જેમણે પોતાનું ધન, ધામ, કુટુંબ, પરિવાર સમગ્ર અર્પણ કર્યું. જે રીતે સંતોએ પણ પોતાનું જીવન અર્પણ કર્યું, ને મન અર્પણ કરવાની જે સાધના કરી રહ્યા છે - એ બધી વાતો ધીરે-ધીરે, પ્રસંગે-પ્રસંગે આપણને સમજાતી જાય છે. સમય ઝડપથી વહી રહ્યો છે. અને હવે પછીની જીવનપદ્ધતિ પણ બદલાવાની છે. એ બદલાવની સાથે આપણે પણ આ જીવનમૂલ્યોને સાથે રાખીને બદલાતા જઈએ. પ્રભુપ્રીત્યર્થે જીવી લેવાનો દૃઢ સંકલ્પ કરીએ અને જીવનમુક્ત થઈને આપણે જીવન કૃતાર્થ કરીએ. એના માટે પ્રભુ અદ્ભુત શક્તિ ને ભક્તિ આપે, એવી મંગલ પ્રાર્થના !

સર્વને આ મંગલ પર્વના ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ ! ◆